# પ્રવચન નં.૧૧. તા.૧-૯-૮૭
# સમયસાર ગાથા-૧૧-પર્યુષણ પર્વ
# શ્રી દિગંબર જિન મંદિર રાજકોટ

પાંચમો ઉત્તમ શૌચ ધર્મનો દિવસ છે. પર્યુષણ પર્વ એટલે અંતર સન્મુખ થઈ શુધ્ધાત્માની આરાધના કરવી, ઉપાસના કરવી તેને પરમાત્મા પર્યુષણ પર્વ કહે છે, પર્યુષણ કહેવામાં આવે છે. આજે ઉત્તમ શૌચધર્મનો દિવસ છે.

ઉત્તમ શૌચ એટલે સમ્યગ્દર્શનપૂર્વકની પવિત્રતા. શૌચનો મતલબ પવિત્રતા. અથવા નિર્લોભતાનું કષાયના અભાવપૂર્વક નિર્લોભ અવસ્થા, વીતરાગી અવસ્થા થાય તેને પવિત્ર દશા કહે છે. આ દસ ધર્મો મુખ્યપણે મુનિદશામાં હોય છે. ગૃહસ્થધર્મીને ગૌણપણે હોય છે. મુખ્યપણે મુનિને (અને) ગૃહસ્થીને ગૌણપણે હોય છે. શ્રી પદ્મનંદીઆચાર્ય પદ્મનંદિપંચવિંશતી શાસ્ત્રમાં શૌચધર્મનું વર્ણન કરે છે.

જે પરસ્ત્રી અને પર પદાર્થો પ્રત્યે નિસ્પૃહ છે, સર્વ પ્રાણીઓ પ્રત્યે અહિંસક છે, સર્વ પ્રાણીઓ એકેન્દ્રિયથી માંડીને બધા. અને દુર્ભેદ્ય એવા અંતરના મેલને જેણે ધોઈ નાખ્યો છે એવું પવિત્ર હૃદય તે જ ઉત્તમ શૌચધર્મ છે. શુધ્ધાત્મા તો અનાદિ અનંત પવિત્ર છે. પણ તેનું અવલંબન લઈને નોકષાયના અભાવમાં એ વીતરાગદશા, પવિત્રદશા પ્રગટ થાય તેને અહીંયા પર્યાયને શૌચધર્મ કહેવામાં આવે છે. એ સિવાય બીજો કોઈ શૌચધર્મ નથી. ખુલાસો કરે છે.

શૌચ એટલે પવિત્રતા. જેને પવિત્ર આત્માનું ભાન નથી અને દેહને જ પોતાનો માની રહ્યો છે. એવો અજ્ઞાની જીવ શરીરને પવિત્ર રાખવું તેને શૌચધર્મ માને છે. આચાર્યદેવ કહે છે કે એ શૌચધર્મ નથી. શરીરને પોતાનું માનવું તે તો મહાન અશુચિ છે. અપવિત્રતા છે. એ પરિણામ જે છે, દેહ મારો એવા મમતાના પરિણામ જે પ્રગટ થાય એ તો અપવિત્ર પરિણામ છે. અને શુધ્ધાત્માનું અવલંબન લઈને દેહાદિ પ્રત્યે નિર્મમત્વ વીતરાગભાવ પ્રગટ થાય એવા પરિણામને પરમાત્મા પવિત્ર ધર્મ કહે છે.

જે આત્માએ ભેદજ્ઞાનરૂપી જળથી, નળના પાણીથી નહીં પણ અંતરસન્મુખ થઈને, ભેદજ્ઞાન એટલે અભેદ આત્માનો અનુભવ એવા મિથ્યામાન્યતારૂપી અશુચિને ધોઈ નાખી છે તે જ આત્મા શૌચધર્મ છે. ભગવાનઆત્મા તો અનાદિઅનંત પવિત્ર છે. એ પવિત્ર પરમાત્માનો ભોગવટો નથી થતો. પણ તેના આશ્રયે જે પવિત્ર, નિર્મળ, નિર્વિકારી પરિણામ પ્રગટ થાય તેમાં આનંદનો અનુભવ થાય તેનો જીવને પર્યાય અપેક્ષાએ ભોગવટો છે.

જેને પવિત્ર ચૈતન્યસ્વરૂપનું ભાન ન હોય અને પુણ્ય-પાપને જ પોતાનું કર્તવ્ય માને, આહા!

આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન એ કર્તવ્ય છે એ જગતને ખ્યાલ નથી આવતો. નિયમસારમાં આચાર્ય ભગવાન ફરમાવે છે. નિયમથી જો કરવાયોગ્ય હોય તો, નિયમથી, નિશ્ચયથી કરવાયોગ્ય હોય તો પોતાના શુદ્ધાત્માના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ એ નિયમથી કરવાયોગ્ય છે. તે નિયમથી કાર્ય છે તેને કાર્યનિયમ કહેવાય, અને કાર્યનું જે કારણ પરમાત્મા છે એને કારણ નિયમ કહેવાય, એ કરવાયોગ્ય છે. રાગ કરવાયોગ્ય છે એમ માની બેઠો છે એ તો મિથ્યાત્વ અને અજ્ઞાન છે.

રાગનું કરવું સ્વભાવમાં નથી. આત્મા કેવળ જ્ઞાતા છે. કરવાનો પક્ષ અનાદિકાળથી છે. છૂટવો મુશ્કેલ પણ છે. પણ એ છૂટી શકે છે. પોતાની યોગ્યતા અને કોઈ ગુરુનો ઉપદેશ મળે તો એ કર્તાબુદ્ધિ છૂટી જાય છે. કેમકે કર્તાબુદ્ધિ વિભાવ છે, સ્વભાવ નથી. સ્વભાવ ન છૂટે. વિભાવ છૂટી જાય. આત્માનું જ્ઞાન, દર્શન એ સ્વભાવ છે એ ન છૂટે. પણ હું રાગાદિનો કરનાર છું એવી મિથ્યાબુદ્ધિ છૂટી જાય છે.

જેને પવિત્ર ચૈતન્યસ્વરૂપનું ભાન ન હોય અને પુણ્ય-પાપને જ પોતાનું કર્તવ્ય માને, કરવાયોગ્ય માને. આવે પુણ્ય એને જાણે એ જુદો વિષય અને પુણ્ય કરવાલાયક છે અને કરવા જેવું છે એ તો જુદો વિષય થઈ ગયો. આહા! આત્મા પુણ્યનો જાણનાર છે. કરનાર નથી. એ જયાં સુધી રાગનો આત્મા કર્તા છે, એવો અશુદ્ધ આત્મા દેખાય છે ત્યાં સુધી તેને અશુદ્ધ આત્માની એટલે કે મિથ્યાત્વની દશા પ્રગટ થાય છે. પોતાનું કર્તવ્ય માને, છે નહીં પોતાનું કર્તવ્ય. પોતાનું કર્તવ્ય તો આત્માનું, આત્માને જાણવું અને આત્માને જાણતાં, જાણતાં પુણ્યના પરિણામ આવે ને જાય તેને પણ જાણે. છે એને જાણે અને થાય તેને પણ જાણે પણ કયાંય કરવું વચમાં સ્વભાવમાં, આહા! જ્ઞાનમાં તો દેખાતું નથી. એ બધું અજ્ઞાન, અંધકારમાં કરવું દેખાય છે. પ્રભુ!

આત્મા કેવળ જાણનાર, જાણનાર, જાણનાર. આહાહા! જાણવાના પક્ષમાં એકવાર આવી જા. તો સાક્ષાત એ આત્મા જ્ઞાતા થઈ જાય છે. કર્તાનો પક્ષ છૂટવો બહુ મુશ્કેલ છે. છતાં પણ આવા ગુરુ મળ્યા હોય તો છૂટી શકે છે, ઘણાને કર્તાબુદ્ધિ છૂટી અને સમ્યગદર્શન પણ (થયું છે.) એક કરતાં વધારે વ્યકિતને સમ્યગ્દર્શન થયા છે. કોઈને વ્યકત અને કોઈ જીવ અવ્યકત હોય.

કહે છે કે પુણ્ય-પાપને પોતાનું કર્તવ્ય માને, પરનું હું કરું એમ માને તે જીવ પર પદાર્થોથી નિસ્પૃહ થઈ શકે નહીં. ઉદાસ ન થઈ શકે. રાગ પ્રત્યે રાગ છે, એ રાગ પ્રત્યે ઉદાસ કેમ થાય? રાગ પ્રત્યે નિર્મોહ દશા થવી જોઈએ. રાગ રહી જાય અને મોહ છૂટી જાય. સાધક દશામાં રાગ રહી જાય. પણ રાગ મારો એવી મમતા છૂટી જાય છે. પુણ્ય-પાપરૂપ વિકારભાવોની જેને પકડ છે, આહાહા! અંદરમાં પકડી રાખ્યા છે. માયા શલ્ય, મિથ્યાત્વ શલ્ય, નિદાન શલ્ય. શલ્ય છે મોટું જબરદસ્ત! રાગ મારો અને હું રાગનો કરનાર એવો આત્મા તેને અનાદિકાળથી દેખાય છે. પણ રાગથી ભિન્ન જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, અનાદિ અનંત જાણનાર. આહાહા!

એવો ભગવાનઆત્મા એને કર્તૃત્વબુધ્ધિની આડમાં દેખાતો નથી, જણાતો નથી. છે તો જાણનાર પણ જાણનાર જણાતો કેમ નથી? કે રાગનું કરવું ભાસે છે ત્યાં સુધી એ આત્મા તેના જ્ઞાનમાં, જ્ઞાનમાં જ્ઞેય ન થાય, ધ્યાનમાં ધ્યેય ન થાય, શ્રદ્ધામાં શ્રદ્ધેય પણ ન થાય. તેનું જ્ઞાન વિકારથી મલિન છે. રાગને હું કરું એવી માન્યતામાં પડયો છે. તેનું જ્ઞાન અપવિત્ર, અજ્ઞાન છે, મલિન છે. પરનું કરવું એમ તે માને છે. કરી તો શકતો નથી. રાગને પણ કરી શકતો નથી. અશકય છે.

જેમ ટાઢી-ઊની અવસ્થાને કરવું અશક્ય છે, તેમ રાગનું કરવું પણ ભગવાનઆત્મામાં અશકય છે, પ્રભુ! આહા! કોઈ ગુણ, એવી શકિત નથી કે રાગની રચના કરે. કરે છે તેનું જ્ઞાન મિથ્યાત્વરૂપી મેલથી મલિન છે. પરની મને મદદ છે, નિમિત્તના આશ્રયે ધર્મ થાય છે એવી જેની માન્યતા છે, તે જીવ પરપદાર્થોમાં આસકત છે. આહા! દેશનાલબ્ધિનું નિમિત્ત હોય ખરું. શાસ્ત્ર પણ હોય અને દેશનાલબ્ધિ, ગુરુ પ્રત્યક્ષ હોય તો હોય. પણ આત્માર્થી જીવને સર્વથા પરાધીનતા ન હોય. એ આપે તો મને મળે, કોઈ આપે, નિમિત્ત આપે તો મને મળે, એવા જીવને ધર્મ થતો નથી. સર્વાંશે પરાધીનતા ન હોય, પરાધીનતા સર્વાંશે હોય તો એ સ્વતંત્રપણે તત્ત્વનો વિચાર કરી શકતો નથી. એ તો જેવો ઉપદેશ આવે તેવું ગ્રહણ કરી લ્યે. હા હા, આપ કહો છો તે બરાબર છે. એમ નથી. પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આચાર્ય ભગવાને કહ્યું છે.

નિમિત્તના આશ્રયે ધર્મ થાય છે, એવી જેની માન્યતા છે, એ જીવ પરપદાર્થોમાં આસકત છે. જ્ઞેયલુબ્ધ છે. આસકત છે. આહાહા! એ સ્વતંત્ર સ્વાધીનપણે વિચાર કરવાની એની શકિત બિડાઈ જાય છે. બીજાના ઉપદેશ ઉપર આધાર રાખે છે, સર્વાંશે. સર્વાંશે કહું છું, કથંચિત તો હોય યોગ્યતા પ્રમાણે. પોતાને આત્માનું ભાન ન હોય તો આત્માનું જેને ભાન થયું હોય તેના યોગમાં આવવાનો ભાવ થાય, સાંભળવાનો ભાવ પણ થાય, પણ એ જ્ઞાની હોય તોપણ નિર્ણય તો પોતાથી કરે છે. સર્વાંશે જ્ઞાની કહે છે એ સાચું છે. ભલે શ્રદ્ધામાં છે. પણ પોતાને અંદર બેસવું જોઈએ ને? એ બેસે પોતાથી તો ટકે. ઉછીની મૂડી આહા! એ તો મુદ્દત આવે તો માંગણી કરે કે સાહેબ! પાંચ હજાર રૂપિયા... મુકુંદભાઈ! મારી હવે મુદ્દત પાકી ગઈ છે, લાવો. ઘરની મૂડી હોય તો કોઈ ઉઘરાણી કરે? શશીભાઈ! (ઉઘરાણી) કરે? આહા!

એમ આ તો સ્વતંત્રપણે, સ્વાધીનપણે વિચાર કરી, નિર્ણય કરી, અનુભવ કરીને પ્રમાણ કરવા જેવી વસ્તુ છે. જે જીવ પરમાં આસકત છે તે જીવ મહાન અશુચિથી ભરેલો, અશુચિ એકલું નહીં, મહાન.. ઘણી અશુચિ, ઘણી અપવિત્રતા. આહાહા! અહીંથી મળશે, અહીંથી મળશે, અહીંથી મળશે. શાસ્ત્રમાંથી જ્ઞાન મળશે, દેશનાલબ્ધિથી જ્ઞાન મળશે. એમ છે નહીં. એ બધા નિમિત્તના અભૂતાર્થનયના કથન છે. ભાઈ! પોતાથી જ્ઞાન થાય ત્યારે ગુરુને નિમિત્ત કહેવાય. એ પણ ભૂતનૈગમનયે નિમિત્ત છે.

વર્તમાન ઋજુસૂત્રનયે કોઇ નિમિત્ત હોય શકે નહીં. આહા! જગતના બધા પદાર્થ જ્ઞેય છે. કોઇ નિમિત્ત નથી. જે જીવ પરપદાર્થોમાં આસકત છે. જે જીવ પરમાં આસકત છે તે જીવ મહાન અશુચિથી ભરેલો છે. આસકત. જેણે પુણ્યમાં અને તેના ફળમાં સુખ માન્યું છે. સંયોગ સારો આવે તો સુખી. હમણાં મૂળજીભાઇ કહેતાં હતા. સેક્રેટરી સાહેબ! તમારા પહેલાં. કે લાલુભાઇ! અમારા જેવું કોઇ સુખી નથી. ચોથા આરા જેવું સુખ છે. જરાક આનંદી સ્વભાવ હતો. એમ મૂળજીભાઇ! બહુ સુખી! આહા! કમાવું પડે નહીં. રાત ને દિ' વ્યાજ આવે. દુકાનદાર તો દિવસના કમાય. અમે તો રાત ને દિ' કમાય. અને દીકરા કહ્યાગરા, આહા! અને પત્ની એ પણ બધું અનુકૂળ છે. અમારા જેવું કોઇ, અમને ચોથા આરાનું સુખ છે. ચોથા આરા જેવું અમને સુખ છે. ભાઇ! એ તો આનંદ ખાતર (માટે) કહેતાં હતા. એમ તો સમજણ હતી બધી. પણ જરા! વાર્તાલાપ કરવા માટે કહે, કહે છે પ્રભુ! આ પરમાંથી સુખ આવતું નથી.

કળશટીકાકારે કહ્યું કે પરમાં સુખ નથી. પરમાં જ્ઞાન તો નથી અને પરને જાણનારને સુખ ને જ્ઞાન પ્રગટ થતું નથી. ભગવાનઆત્મામાં જ્ઞાન અને સુખ ભર્યું છે. એને જો એનું અવલંબન કર તો તને જ્ઞાન પણ થશે ને સુખ પણ થશે. પણ ઓશીયાળી નજર, નિમિત્તાધીન દૃષ્ટિ, અનંતકાળથી બીજેથી લેવાની ભાવના. છે ત્યાં જોતો નથી અને નથી ત્યાંથી લાવવાની ભાવના કરે છે. આહા! બહારથી કાંઇ આવે એમ? હસમુખભાઇ ના પાડે છે. તમારા દિકરા છે,સુભાષભાઇના દીકરા છે, અમુલખભાઇ, હા. ના પાડે છે. બહારથી કાંઇ આવે એમ? બધાને અનુભવ તો હોય ને, થોડો જાજો. કયાં ભીખ માંગશ?

ભગવાનઆત્મા દાતા બેઠો છે. એ કહે છે કે તારે જયાં સુધી રખડવું હોય ત્યાં સુધી રખડ! છેવટ થાકીને તો મારી પાસે આવવું પડશે. અને મારી પાસે આવીશ ત્યારે દુ:ખનો નાશ અને સુખની પ્રાપ્તિ તને થશે. જેણે પુણ્યમાં અને તેના ફળમાં સુખ માન્યું છે તે જીવ ખરેખર સ્ત્રીઓ પ્રત્યે નિસ્પૃહ નથી, ઉદાસીન નથી. જે પુણ્યમાં આસકત છે આહા! તે જીવને તેના ફળમાં પણ આસકિત છે. પુણ્ય ભલું લાગે છે. પુણ્ય ભલું લાગે છે એટલે ભગવાનઆત્મા બુરો લાગે છે. તે જીવ સ્ત્રી આદિ પદાર્થો પ્રત્યે નિસ્પૃહ નથી, ઉદાસ નથી અને તેને શૌચધર્મ હોતો નથી. આવી એક ચારિત્રની ઉત્કૃષ્ટ અવસ્થા મુનિરાજને હોય છે. અને આત્મદર્શન, આત્મ અનુભવપૂર્વક એ દશા છે લીનતાની, સ્થિરતાની.

એ સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય તેની ગાથા ૧૧મી. સમ્યગ્દર્શનની જ ગાથા છે. તેમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પણ લખ્યું નથી. ૧૩મી ગાથામાં તો ભૂતાર્થને આશ્રયે નવતત્ત્વને જાણે એટલું આવ્યું, પણ આમાં તો ભૂતાર્થનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય. જાણવાની વાત પણ એણે ગૌણ કરીને આશ્રયભૂત તત્ત્વની વાત કરે છે. કેટલાકને નામ નવું લાગે. કેટલાકને, નવાને. ભૂતાર્થ એટલે જ્ઞાયક. ભૂતાર્થ એટલે જ્ઞાયક જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર. એ ભૂતાર્થનો આશ્રય એટલે?

જાણનારને જાણનારપણે જાણવો આ તેનું નામ ભૂતાર્થનો આશ્રય થયો કહેવામાં આવે છે.

કરવાનો કાંટો જયાં સુધી છે. આત્માને કર્તા દેખે છે આત્મા. અગૃહિત મિથ્યાત્વ અનાદિનું છે. ગૃહિત મિથ્યાત્વ તો ઉપદેશથી જઈ શકે છે. ગૃહિત મિથ્યાત્વ તો.. એ તો ભાઈ કહે છે કે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રનું શ્રદ્ધાન તેને હોવું જોઈએ. કુદેવાદિનું શ્રદ્ધાન તો બિલકુલ સ્વપ્નમાં પણ આવવું ન જોઈએ. એ તો ઉપદેશથી, આહા! ગૃહિત નવા લાકડા હોય તો નીકળી જાય. પણ હું કર્તા છું. આહાહા! એ કર્તાનો કાંટો નીકળવો બહુ મુશ્કેલ છે, અશકય નથી. અશકય નથી. આહા! એ તો કોઈનું ન સાંભળે ને અંદરથી નિર્ણય કરે તો આવે કે હું તો જાણનાર છું, કરનાર નથી. અંદરથી આવે છે એ. આહાહા!

ભલે ઉપદેશ હોય, કર્તા–કર્મ અધિકારમાં આવે, પ્રભુ! પણ અંદરમાંથી નિર્ણય એને આવે છે. નિર્ણય પોતે કરી શકે છે. કોઈ નિર્ણય કરાવે નહીં. એ વાત દૃષ્ટાંત પૂરો થયો. હવે સિદ્ધાંતથી વાત આવે છે. **આત્મા અને કર્મનો વિવેક,** વહેંચણી **નહીં કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ,** રાગને આત્મા માનનારા અને રાગ કરવા જેવો છે અને રાગ આત્માનું કર્મ છે. એ જ્ઞાનનું જ્ઞેય હોવા છતાં કર્તાનું કર્મ ભાસે છે. રાગ જ્ઞાનનું જ્ઞેય છે. કર્તાનું કર્મ નથી. જ્ઞાનમાં જ્ઞેય ભાસે છે. અજ્ઞાનીને કર્મ ભાસે છે. જયાં સુધી રાગ કર્મપણે ભાસે છે ત્યાં સુધી અજ્ઞાન છે. રાગ જ્ઞાનનું જ્ઞેય છે એ પણ વ્યવહાર છે. પણ ત્યાં સુધી તો આવ. ભાઈ! કર્તાબુદ્ધિ તો છોડ!

**વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું,** આહા! આત્માને અનેકપણે દેખે છે, આત્માને. આત્મા એક છે. આત્મા એક છે તેનું નિરૂપણ વ્યવહારનય અનેક પ્રકારે કરે, આત્મા આવો છે, આત્મા આવો છે, આત્મા આવો છે, આત્મા આવો છે, આત્મા આવો છે. આત્મા પહેલે ગુણસ્થાને હતો. હવે ચોથે આવ્યો. હવે કયાં આવ્યો? કે પાંચમે આવ્યો. હવે કયાં આવ્યો? કે સાતમે આવ્યો. આહા! એ ભગવાનઆત્મા તો જયાં છે ત્યાં છે. બધા સ્વાંગથી રહિત ભિન્ન આત્માને એકવાર તું જો. દેખાશે તને, દેખાય એવો છે. પર્યાયનો પ્રેમ છોડી દે. પર્યાયનો પક્ષ છોડી દે. અને જાણનારના પક્ષમાં આવી જાને એકવાર! પક્ષમાં આવી જાને તો પક્ષાતિક્રાંત થાય. જાણવાના પક્ષમાં આવે તેમાં અનુભવ નથી. પણ કર્તાનો પક્ષ ગળ્યો તેને કષાયની મંદતા કહેવામાં (આવે છે.) મિથ્યાત્વરૂપ કષાયની મંદતા, ચારિત્રની મંદતા અનંતવાર કરી.

દ્રવ્યલિંગી મુનિ થયો મિથ્યાત્વને મજબુત રાખીને કષાયની મંદતાની પ્રવૃત્તિ.. રાજપાટ છોડયું. આહાહા! નગ્ન દિગંબર મુનિ થયો અને નિરતિચારપણે ૨૮ મૂળગુણનું પાલન કરે તેમાં કાંઈ પણ દોષ આવે તો પ્રાયશ્ચિત લ્યે. આહાહા! એટલો તો જેને પાપનો ડર, પાપનો ભીરૂ છે એ. છતાં પણ કષાયની મંદતામાં રોકાણો. પણ મિથ્યાત્વ ગળ્યું નહીં. કેમકે તેનું લક્ષ કષાયની મંદતા ઉપર નહીં પણ કષાયથી ભિન્ન ભગવાનઆત્મા છે ત્યાં સુધી પહોંચ્યો નહીં.

**કહે છે કે તેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) દેખે છે.** આત્મા આવો છે, આત્મા આવો છે, આત્માને ક્રોધ થાય, આત્મામાં માન, માયા, લોભ, આહા! હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા બધા પલાખા ભણ્યો (પણ) એનાથી ભિન્ન ભગવાનઆત્મા છે એ જાણ્યો નહીં. જાણનારને જાણ્યો નહીં. જાણનારને કર્તા માન્યો, કર્તા માનવું એ અજ્ઞાન છે મોટું. આહાહા! અગૃહિત મિથ્યાત્વ. નિગોદના સંસ્કાર છે. એ સંસ્કાર કાઢવાનો આ કાળ છે. કર્તાબુધ્ધિના સંસ્કાર ટાળવાનો આ સુઅવસર આવ્યો છે. આહા! આત્મા જ્ઞાતા છે, કર્તા નથી.

જેમ જન્મથી માંડીને જૈનકુળમાં જન્મે તો નમોકાર મંત્ર તો માતા-પિતા પાસેથી મળે. પણ આત્મા જ્ઞાતા છે અને કર્તા નથી એવા ભેદજ્ઞાનનો મંત્ર તો જયારે આત્મજ્ઞાની ગુરુ મળે ત્યારે જ એ મંત્ર મળે. આહાહા! અને એ મંત્રની સાધનાથી દેવ હાજર થાય. કયો દેવ? આ ચૈતન્યદેવ હાજર થાય. જયપૂરમાં કહ્યું કે મંત્રથી દેવ હાજર થાય. આ પંડિત સારા. આ પંડિત બહુ સારા. આપણે તેની પાસે ખાનગીમાં જઈએ અને દેવ હાજર કેમ થાય? અરે ભાઈ! એ દેવની વાત નથી. **ભાવોનું વિશ્વરૂપપણું,** આત્માને અનેકરૂપ દેખે છે. આત્મા એકરૂપ હોવા છતાં, આત્મા એકરૂપ હોવા છતાં તેની દૃષ્ટિ પર્યાય ઉપર છે ને! એટલે આત્મા અનેકરૂપ દેખાય. વળી વ્યવહારનય અનેકરૂપે છે એમ પ્રતિપાદન પણ કરે. આગમમાં પણ એમ આવે. આગમમાં પણ એમ આવે. સંયોગનું જ્ઞાન કરાવવા માટે છે. એ સ્વભાવ નથી. એકપણું સ્વભાવ છે, અનેકપણું સ્વાંગ છે.

**ભાવોનું વિશ્વરૂપપણું (અનેકપણું) પ્રગટ છે એવો અનુભવે છે.** અનેક છું એમ તેને માને છે, જાણે છે, અનુભવે છે. **પણ ભૂતાર્થદર્શીઓ,** લ્યો! આ ભૂત કયાંથી આવ્યું આમાં, અહીંયાં સ્વાધ્યાય મંદિરમાં? અરે ભાઈ! આ તો મોહરૂપી ભૂતડું કાઢવા માટે ભૂતાર્થ એટલે આત્માનું અવલંબન લેવા જેવું છે. મોહરૂપી ભૂત આવે છે ને શાસ્ત્રમાં આવે છે, મોહરૂપી. પણ **ભૂતાર્થદર્શીઓ (શુધ્ધનયને દેખનારાઓ)** કેવળ શુધ્ધાત્માને દેખનારા! આહાહા!

અશુધ્ધને પણ દેખે અને શુધ્ધને પણ દેખે. આહા! એમ બે આંખથી બેને દેખે ત્યાં સુધી તેને અનુભવ થતો નથી. એક આંખ બંધ કરીને બીજી આંખ ઉઘાડીને જુએ તો આત્મા શુધ્ધ છે, ભૂત છે. એમ તેને અનુભવમાં આવે છે. **શુધ્ધનયને દેખનારાઓ પોતાની બુધ્ધિથી નાખેલા,** આહા! પોતાના પુરુષાર્થથી નાખેલા. **શુધ્ધનય અનુસાર બોધ થવામાત્રથી,** શુધ્ધનય અનુસાર સાચો બોધ થાય. અશુધ્ધનયને અનુસારે સાચો બોધ થતો નથી. શુધ્ધનય એક જ છે. શુધ્ધનય એક જ છે કેમ? કે શુધ્ધાત્મા એક જ છે.

એ નિયમસારમાં કહ્યું છે. શુધ્ધનય એક જ છે. અહીંયાં પણ કહે છે કે શુધ્ધનય એક જ છે. બીજી લીટીમાં છે. શુધ્ધનય એક જ છે. આહાહા! એક વખત એક ગામમાં એક ભાઈને એક ને એક દીકરો.

વેવિશાળ કરવા માટે કન્યાવાળા માંગા લઈને આવે ને? આવે, ચા-પાણી પાય પછી પૂછે કે આ આપનો મોટો દીકરો છે કે નાનો દીકરો છે. કે ભાઈ મારે દીકરો એક જ છે. બીજો આનાથી કોઈ મોટો કે આનાથી નાનો છે નહીં. એમ કહે છે કે શુધ્ધાત્મા એક જ છે. શુધ્ધાત્મા બે નથી. જીવ એક છે. જીવનું નિરૂપણ બે પ્રકારે કરવામાં આવે છે. નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ એક જ છે સ્વઆશ્રિત, છતાં નિરૂપણ બે પ્રકારે છે. એમ જીવ એક પ્રકારે હોવા છતાં નિરૂપણ બે પ્રકારે છે, નિશ્ચયજીવ અને વ્યવહારજીવ. દસ પ્રકારના પ્રાણથી જીવ જીવે છે. તે વ્યવહારજીવ છે. આહા! શુધ્ધજીવત્વ શકિતથી જીવે છે. એ ખરેખર શુધ્ધાત્માં રહેલો (જીવ છે)

એમ **શુધ્ધનયને દેખનારાઓ પોતાની બુધ્ધિથી નાખેલા,** શુધ્ધનય અનુસાર, શુધ્ધનય અનુસાર એટલે શુધ્ધનયને દેખનારું, જાણનારું જે જ્ઞાન. શુધ્ધ અને નય જે જ્ઞાનનો અંશ કેવળ શુધ્ધઆત્માનું અવલંબન લઈને એને જ જાણે ને દેખે છે. બીજું જાણવું, આહા! ઉપાદેયભૂત તત્ત્વ જણાય છે ત્યારે હેય તત્ત્વ જણાતું નથી. પર્યાય હેયરૂપે જણાતી નથી, પર્યાય ઉપાદેયરૂપે જણાતી નથી, પર્યાય જ્ઞેયરૂપે પણ જણાતી નથી, એકલો ઉપાદેયભૂત આત્મા જણાય છે. તેને શુધ્ધનય કહેવામાં આવે છે. શુધ્ધનયનો વિષય એક જ છે. શુધ્ધનયનો વિષય બે ન હોય.

**પોતાની બુધ્ધિથી નાખેલા શુધ્ધનય અનુસાર બોધ થવામાત્રથી,** આહા! આત્માનું ભાન થાય છે કે હું તો જાણનાર છું, કરનાર નથી. કોનો કરનાર નથી? બંધનો કરનાર નથી. મોક્ષનો કરનાર તો ખરો કે નહીં? ભાઈ! બંધ ને મોક્ષનો કરનાર નથી એવા આત્માને તું જો ભાઈ! પરમાત્મપ્રકાશમાં છે. કે જે બંધ-મોક્ષનો કરનાર નથી એ જ આત્મા-આત્માને ઉપાદેય છે. **પોતાની બુધ્ધિથી નાખેલા શુધ્ધનય અનુસાર,** એકલી નિશ્ચયની વાત કરે છે. કાંઈક વ્યવહારની વાત હારે (સાથે) કરે, આહા! વ્યવહારની વાત કરે એટલે પર્યાયને જાણવું તેનું નામ વ્યવહાર છે. વ્યવહાર જોઈએ છે ને તારે?

દ્રવ્યને જાણ્યા પછી પર્યાયને જાણે તેનું નામ વ્યવહાર છે, તું માનશ એવું કાંઈ, આહા! અહીંયા પુણ્યનું કરવું આવશે એ રાહ જોઈશમાં, એ દુકાન બીજી છે, અહીંયાં નથી. આહા! પુણ્ય આવે, રાગી જીવને દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભકિતનો રાગ, જાત્રાનો રાગ આવે. આવે શબ્દ છે. કરે (શબ્દ) નથી. કરવું વસ્તુના સ્વભાવમાં નથી. એના અવસરે, આહા! ઉત્પાદ સત્, વ્યય સત્ અને ધ્રુવ સત્. એના સ્વકાળે પર્યાય પ્રગટ થાય છે. નૈસર્ગિક છે. એવો પાઠ છે. આત્મા એનો કરનાર નથી. સ્વયં થાય છે. અધ્ધરથી ઊભી થાય છે? તો કહે હા, અધ્ધરથી. આહા! તેને ધ્રુવનું અવલંબન નથી, આધાર નથી.

ઉત્પાદ સત્-વ્યય સત્ અને ધ્રુવ સત્ છે. ભાઈ! એક સમયની પર્યાય-જેને સત્ બેસે તેને કર્તાબુધ્ધિ છૂટે. જ્ઞાતામાં આવે તો પર્યાય સત્ છે એવું ભાન થાય. કર્તાબુધ્ધિવાળાને પર્યાય સત્ છે એ

બેસતું નથી, ક્રમબદ્ધ પર્યાય બેસતી નથી, ક્ષણિક ઉપાદાન બેસતું નથી, પર્યાયના ષટકારક પર્યાયથી થાય છે એ બેસતું નથી. આહા! ક્યાંથી બેસે? નિકટભવીને બેસે. દુર્ભવીને બેસવું કઠણ છે. કાલ બેસે. ભલે આજે ન બેસે પણ કાલ તો બેસી શકે છે. આ વાત હું જાણનાર છું, કરનાર નથી. સાવ સહેલામાં સહેલો મંત્ર છે. હું જાણનાર છું અને કરનાર નથી. ત્યારે બધું મારા કર્યા વિના થશે? દુકાન મારા વિના ચાલશે? અમૃતભાઈ! આ દુકાન તમારા કર્યા વિના ચાલે છે. આહા! કરવાનું અભિમાન તું કરી રહ્યો છો. બાકી ચાલે છે તો.. પુદ્ગલ સ્વતંત્રપણે પરિણમે છે. આહા! જીવ જાણે છે અને પુદ્ગલ કરે છે. જીવ જાણે છે-પુદ્ગલ કરે છે. એવા અધ્યાત્મના ઉંડાણના બે વિભાગ નિયમસારમાં લખેલાં છે.

**બોધ થવામાત્રથી ઉપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી,** આત્મા ને અનાત્મા, આત્મા ને કર્મ. કર્મ એટલે ભાવકર્મ. તેના વિવેકપણાથી, જુદાઈથી **પોતાના પુરુષાર્થ દ્વારા, અનુસાર બોધ થવામાત્રથી,** આત્મબોધ થયો કે હું તો જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર. બસ! શું કહ્યું? ફરીથી. હું તો જાણનાર, જાણનાર, જાણનાર. બસ. પછી વિકલ્પ રહેતો નથી. પછી જાણનાર પ્રત્યક્ષ જણાય જાય છે. પહેલાં પરોક્ષ ને પછી પ્રત્યક્ષ. આહાહા! સવિકલ્પ દશામાં સવિકલ્પ સ્વસંવેદનમાં જ્ઞાયક આવી જાય છે. પછી નિર્વિકલ્પપણું થાય છે. એવું આગમનું વચન છે. આહાહા! કેને કહેવું સવિકલ્પ સ્વસંવેદન અને નિર્વિકલ્પ?

કોઈક દિવસ માંડ પર્યુષણ હોય ત્યારે આવવાનું બને. આ તો નિરંતર અભ્યાસ કરવા જેવો છે. બોધ થવામાત્રથી ઉપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા, પુરુષાર્થ એટલે હું જાણનાર છું એ પુરુષાર્થ. હું રાગનો કરનાર છું એ પુરુષાર્થ નથી. આહાહા! એ સંસારવર્ધક અભિપ્રાય છે. હું જાણનાર છું. જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર બસ. અલમ! આહા! ઠરે છે. વિકલ્પ છૂટે છે અને પરિણતિ અંદરમાં ઠરી જાય તેને ભૂતાર્થનો આશ્રય કરતાં મોહનો નાશ થયો (તેમ) કહેવામાં આવે છે. મોહનો નાશ થયા પછી રાગનો નાશ થાય છે. એક સમયમાં મોહ, રાગ, દ્વેષનો અભાવ થતો નથી. અનંતાનુબંધી રાગ-દ્વેષ ભલે જાય પણ બાકીનો રાગ-દ્વેષ ચારિત્રનો રહી જાય છે.

ક્રમે જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે, તેમ તેમ તે આત્મા આસ્રવોથી નિવર્તતો જાય છે. અમેરિકાને હવે પછી આવ્યો બોલાવ્યો ફોન કરીને આત્મા એમ નથી. આત્મા તો હતો. પણ તેની નજરમાં ઓઝલ થઈ ગયો હતો, તિરોભૂત થઈ ગયો હતો, ઢંકાય ગયો હતો. એ પરમદિવસના ચંદુભાઈના વ્યાખ્યાનમાં ઈન્દ્રિયજ્ઞાનનું ભેદજ્ઞાન ખૂબ તેમણે લીધું હતું. હું નહોતો આવ્યો પણ તેમણે લીધું હતું.

**પોતાના પુરુષાર્થ દ્વારા,** આ છેતરામણ છે. રાગથી છેતરાય છે એમ ઈન્દ્રિયજ્ઞાનથી આત્મા શાસ્ત્રજ્ઞાન જ્ઞાનથી છેતરાણો છે. સામાન્ય જન સમુદાય પુણ્યથી છેતરાણો અને વિદ્વાન શાસ્ત્રજ્ઞાનથી

છેતરાણો. શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી, એ જ્ઞેય છે. તેનાથી ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા જુદો છે. આ ક્યારની વાત હશે? અત્યારે આ બધું થઈ શકે એવું છે. અભ્યાસ કરવો જોઈએ. સી.એ. ના એક માણસ, સી.એ. ભણતો હતો. તો પાસ ન થયો તો દસ વખત ફેઈલ થયો. છેવટ ૪૦-૪૫ વર્ષે પણ પાસ થયો. નાસીપાસ ન થયો. નાસીપાસ થાય એ પાસ ન થાય. નાસીપાસ થઈ જાય એ પાસ થાય? એમ ખુબ અમે અભ્યાસ કર્યો છે (પણ) હજી અનુભવ થતો નથી. ધીરજ રાખ, ધીરજ રાખ. માર્ગ બીજો નથી. તારો માર્ગ સાચો છે. તેં માર્ગ જે લીધો છે તને ગુરુએ બતાવ્યો છે, ભેદજ્ઞાનનો મંત્ર-માર્ગ સાચો છે. ઉતાવળ કરીશમાં અને પ્રમાદ પણ કરીશમાં. ઉતાવળ કરીશ તો કર્તાબુદ્ધિ લાગુ થશે અને પ્રમાદ કરીશ તો પુરુષાર્થ અંતરમુખ નહીં થાય. શાંતિથી ધીરજથી ધીરો થઈને... આહાહા!

પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત, આહાહા! દેખાણો ભગવાનઆત્મા દેખાણો. દેખાતો નહોતો. રાગના પ્રેમમાં. રાગના પ્રેમમાં અને શાસ્ત્રજ્ઞાનના ઉઘાડના પક્ષમાં. બુદ્ધિ બિડાઈ ગઈ હતી. **આર્વિભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે,** સહજ એક. આત્મા એકરૂપી છે, બહુરૂપી નથી. આત્મા આવો પણ છે ને આત્મા આવો પણ છે ને આત્મા... એ બધા વ્યવહારનયના કથનો, ભાઈ! અભૂતાર્થ છે. મિથ્યા ઉપદેશ આપે છે. માત્ર સંયોગનું જ્ઞાન કરાવે છે, ત્યાં સંયોગમાં સ્વભાવની બુદ્ધિ એને થાય છે એ તો એની ભૂલ છે.

**આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે,** અંતર્મુખ થતાં અભેદ સામાન્ય દેખાય છે. વિશેષ અંદરમાં અનેકપણું દેખાતું નથી. કેમકે અનેકપણું એમાં નથી. પર્યાયનું અનેકપણું એમાં નથી. અને ગુણો અનંત હોવા છતાં પણ અભેદ એકરૂપ સામાન્ય દેખાય છે. ગુણભેદ તો દેખાતો નથી. **એક જ્ઞાયકભાવપણાને લીધે તેને-તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે,** થાકતા નથી. જ્ઞાયકભાવના ગાણા ગાતા થાકતા નથી જ્ઞાનીઓ. આહાહા! બાબુજીએ કહ્યું હતું, આ તારા ગાણા તને ગવડાવીને આનંદ પમાડે છે. એમાં તું કાં કંટાળો લાવ!

**સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે,** બીજું કાંઈ પ્રકાશમાન નથી, બીજું કાંઈ દેખાતું નથી. અંતરદષ્ટિ વડે જોનારને એક નિજપરમાત્માના દર્શન થાય છે. સર્વજ્ઞ ભગવાન સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે. આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. અત્યારે વર્તમાનમાં ત્રણેકાળ. અલ્પજ્ઞ નથી. આહા! એને આવરણ નથી, એમાં રાગ નથી, એમાં કર્મનો બંધ નથી. કર્મનો બંધ જેને થાય છે તે હું નહીં. આહા!

હું તો સર્વજ્ઞ સ્વભાવી પરમાત્મા વર્તમાનમાં ભગવાન છું, એ વાત થોડીક લઈને તો જાય. પછી નિર્ણય કરે ને અનુભવ કરે એ તો પછી. કહે કે આ રાજકોટથી, અમે જઈએ રતિભાઈ, ચંદુભાઈ ને હું અમે બધા જાય તો (ગુરુદેવ કહે) આ રાજકોટના આવ્યા એટલે પિયરીયા આવ્યા. ગુરુદેવના મોસાળ-

મોસાળપક્ષ એટલે ભાઈસાહેબ પધારો ને! અરે! પણ અમારે તો આવવું જ છે. આ રહ્યું. રાજકોટ ક્યાં છેટું છે. બે કલાકનો રસ્તો. આંગણું છે.

મુમુક્ષુ :- આંગણું છે.

ઉત્તર :- આંગણું છે અમારું. એ તો આંગણે આવવું છે. આહા! એ પુરુષ દર વર્ષે પધારતા હતા. એમાં એક વખત અંદરમાંથી અનુભવ કરીને બહાર-રાત્રી ચર્ચામાં પધાર્યા. નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવી ચર્ચામાં પોતે કહ્યું, કોઈએ પશ્ન નહોતો પૂછયો પોતે કહ્યું. આહાહા! અરે! સાધકને નિર્વિકલ્પ ધ્યાનના કાળમાં તો કોઈ વખતે સાક્ષાત કેવળજ્ઞાનના દર્શન થાય છે. ત્યારે એક મુમુક્ષુ ભાઈએ પૂછયું, કે એ તો શ્રધ્ધા અપેક્ષાએ છે ને? તો કહે નહીં જ્ઞાન અપેક્ષાએ. આહાહા! જ્ઞાનમાં કેવળજ્ઞાન અમે, કેવળજ્ઞાન જ્ઞેયરૂપે વર્તમાનમાં અમે જાણ્યું, પણ પ્રગટ તો છે નહીં. પંચમકાળ છે. અત્યારે કેવળજ્ઞાન તો..એ તારું કામ નથી. એ તારું કામ નથી. સાંભળ તું પૂરી વાત!

કેવળજ્ઞાનના દર્શન થાય છે એમ જયારે ગુરુદેવે કહ્યું. એ વાત ત્રણ જગ્યાએ શાસ્ત્રમાં છે. શ્રીમદ્જીએ પણ કહ્યું છે. વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્યનયના હેતુએ કેવળજ્ઞાન થયું છે. નાગસેનમુનિનું આ શાસ્ત્ર છે તત્ત્વાનુંશાસન. એમાં પણ એમણે કહ્યું છે અમને આજે અરિહંતના દર્શન થયા. એ વાત મૃગજળ માફક જૂઠ મૂઠ નથી. અને સમયસારના ભાવાર્થમાં જયચંદપંડિતજી લખે છે કે આત્મા જયારે ભાવનામાં લીન થાય છે કોઈ કોઈ વખતે ત્યારે એને જાણે સાક્ષાત મોક્ષ થયો હોય, સાક્ષાત કેવળજ્ઞાન થઈ ગયું હોય એવું એને જ્ઞાનમાં જ્ઞેય થાય છે. એ દ્રવ્ય નિક્ષેપ છે. ભાવિ પર્યાય વર્તમાનમાં એને જણાય જાય. છે, પ્રગટ નથી. શક્તિરૂપ છે. શું એ તો અનુભવીની વાત એ તો અનુભવી જ જાણે. બિનઅનુભવી શું જાણે? પણ છતાં એને જે ભાવ આવે તે કહી દયે. એ કાંઈ ગોપવે નહીં. આહા! એ રાજકોટમાં અહીંયાં કહ્યું હતું.

એ વાત કરે છે. એ સર્વજ્ઞ સ્વભાવીનું લક્ષ કરતાં સર્વજ્ઞની પર્યાયના દર્શન થાય. શ્રુતજ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનને જાણી લ્યે છે. આહાહા! એ કહે છે કે શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. એ તો ગુરુદેવના મોઢે બધી વાત શોભે. એ તો મહાપુરુષ... **એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે,** બીજું કાંઈ અમને ગુણસ્થાનના ભેદ, માર્ગણાસ્થાનના ભેદો કાંઈ દેખાતા નથી. અભેદ સામાન્ય જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર... જ્ઞાયક દેખાય છે, બીજું કાંઈ દેખાતું નથી.

એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. એવો અનુભવે છે. એવો અનુભવ થાય છે કે 'હું એક છું' એવો અનુભવ થાય છે. **અહીં, શુધ્ધનય કતકફળના સ્થાને છે,** જેમ નિર્મળી ઔષધી નાખતાં પાણી ને મેલ જુદાં પડી જાય છે. એમ અંતર્મુખ થતાં રાગથી ભિન્ન ભગવાનઆત્માના દર્શન થાય છે. ત્યારે કહે, **શુધ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુધ્ધનયનો આશ્રય કરે છે,**

એટલે કે શુદ્ધાત્માનું અવલંબન કરે છે, શુદ્ધનય તો પર્યાય છે. પર્યાયનું અવલંબન ન હોય. શુદ્ધનયનો વિષય જે શુદ્ધાત્મા છે તેનું અવલંબન કરે છે તો કહ્યું કે શુદ્ધનયનો આશ્રય કરે છે. **તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી),** સમ્યક્ હો! વિશેષણ છે. સાચો જેવો આત્મા છે સ્વરૂપ, એવો અંદરમાં તેને પ્રતિભાસ થાય છે, અનુભવ થાય છે. **અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દષ્ટિ છે પણ બીજા,** આહા! આ સમ્યગ્દષ્ટિ છે, બીજા.. **(જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગદષ્ટિ નથી.** મૂળમાં તો આટલું છે. કરતા હોવાથી સમ્યગ્દષ્ટિ છે પણ બીજા સમ્યગ્દષ્ટિ નથી. શુદ્ધાત્માનું અવલંબન લેતા નથી તે સમ્યગ્દષ્ટિ થતાં નથી. નથી એટલે થતાં નથી. **માટે કર્મથી ભિન્ન,** રાગથી ભિન્ન. આહા! રાગ ભિન્ન ને જ્ઞાન ભિન્ન સોગાનીજીનું વચન આવ્યું કાન ઉપર. **માટે કર્મથી ભિન્ન,** આ રાગ જે આત્માથી ભિન્ન છે, જ્ઞાનમય આત્માથી રાગ ભિન્ન છે, અરે! એને કરું એમ તને કેમ ભાસે છે? અમને તો આશ્ચર્ય થાય છે. જ્ઞાની કહે છે અમને તો (આશ્ચર્ય થાય છે.)

હલતા હાથને હું હલાવું? હલતા હાથને હલાવું, તારી બુદ્ધિ મિથ્યા છે. હલતા હાથને હલાવી ન શકાય. હલતા હાથને જાણી શકાય. હલતા હાથને, ચાલતા પગને, ફરતી જીભને જાણી શકાય પણ ફરતી જીભને ફેરવે આત્મા, એ અધિકાર બહારની વાત છે. એમ અંદરમાં કઠણ પડે તેવી વાત છે. એમ આવતાં જતાં રાગને જાણે પણ રાગને કરે તે જ્ઞાનના સ્વભાવમાં નથી. રાગને જાણે એમ કહેવું પણ વ્યવહાર છે. એ તો આત્માને જાણ્યા પછી જાણેલો પ્રયોજનવાન છે. એ તો જણાય છે, જણાય છે એને જાણે છે એમ પણ કહેવાય.

**માટે કર્મથી ભિન્ન આત્માના,** રાગથી ભિન્ન. આહાહા! **આત્માના દેખનારાઓએ,** જાણનારાઓએ **વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.** આ જવાબ આપ્યો. ઉપરના મથાળામાં પ્રશ્ન હતો. વળી એવો પ્રશ્ન ઊઠે છે કે, પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો. પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? તેના ઉત્તરરૂપ ગાથા છે કે એ વ્યવહારનો અંગીકાર કરવા યોગ્ય નથી. તેના આશ્રયે સમ્યગ્દર્શન નહીં થાય. તેનાથી ભિન્ન ભગવાનઆત્માનું અવલંબન લે તો તને આત્મદર્શન થશે ને ભવનો અંત આવશે. ગાથા પૂરી થઈ. હવે ભાવાર્થ આવશે.

卐